પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૨ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯, રવિવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્ર-હરિયાણામાં ૨૧ ઓક્ટોબરે મતદાન

**બંને રાજ્યોમાં ૨૧મી ઓક્ટોબરે એક જ તબક્કામાં મતદાન યોજાશે : ૨૪મી ઓક્ટોબરે પરિણામ જાહેર : ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જાહેરનામુ જારી કરાશે : ઉમેદવારીપત્ર ભરવા માટેની અંતિમ તારીખ ચોથી ઓક્ટોબર**




નવી દિલ્હી, તા.૨૧

ચૂંટણી પંચે આજે મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. ચીફ ઈલેકશન કમીશનર સુનીલ અરોરાએ પ્રેસ કોન્ફરન્સ કરીને મહારાષ્ટ્ર-હરિયાણાની ચૂંટણી તારીખોની જાહેરાત કરી હતી. બંને રાજ્યોમાં ૨૧ ઓક્ટોબરે મતદાન થશે અને ૨૪ ઓક્ટોબરે પરિણામ. બંને રાજ્યોમાં એક જ તબક્કામાં મતદાન રાખવામાં આવ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોડાએ ચૂંટણી કાર્યક્રમની માહિતી આપતા કહ્યું હતું કે, બંને રાજ્યોમાં ૨૭મી સપ્ટેપ્ટેમ્બરે જાહેરનાબૂ જારી કરવામાં આવશે. ચોથી ઓક્ટોબર સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે અને ૭મી ઓક્ટોબર સુધી ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે. આ સિવાય અલગ અલગ રાજ્યોની ૬૪ વિધાનસભા બેઠકો અને બિહારની સમસ્તીપુર લોકસભા સીટ પર પેટાચૂંટણી પણ ૨૧મી ઓક્ટોબરના દિવસે યોજાશે. ૨૮૮ વિધાનસભા બેઠકોવાળી મહારાષ્ટ્રમાં અને ૯૦ બેઠકોવાળી હરિયાણામાં એક જ તબક્કામાં મતદાન યોજાશે. ચૂંટણી જાહેરાત થતાં સાથે જ બંને

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં કસ્ટડીમાં લેવાયેલા પૈકી ૩,૧૦૦ નાગરિકો મુક્ત

**સ્થિતી બિલકુલ સામાન્ય બની ગઇ : જુદા જુદા પ્રતિબંધને ધીમેધીમે દુર કરી દેવાયા : રિપોર્ટ**

નવી દિલ્હી,તા.૨૧

જમ્મુ કાશ્મીરમાં સ્થિતી હવે ધીમે ધીમે સામાન્ય બની રહી છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ અનેક નિયંત્રણ લાગી કરવામાં આવ્યા હતા. જો કે કેટલીક જગ્યાએ હિંસક ઘટનાઓ હજુ પણ બની રહી છે સ્થિતીને સામાન્ય બનાવવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે. કાશ્મીરમાં ચાર હજાર લોકો પૈકી ૩૧૦૦ લોકો મુક્ત કરવામાં આવી ચુક્યા છે. ડીજીપી દિલબાદ સિંહે કહ્યુ છે કે હવે તમામ પ્રતિબંધો દુર કરવામાં આવી ચુક્યા છે. સેના દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે. ખીણમાં લાગુ કરવામાં આવેલા નિયંત્રણો દુર કરી દેવામાં આવ્યા છે. હવે સ્થિતી સામાન્ય બની રહી છે. મોબાઈલ ઈન્ટરનેટનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. કેટલાક સંવેદનશીલ વિસ્તારોને બાદ કરતા તમામ જગ્યાએ નિયંત્રણો દુર કરી લેવામાં આવ્યા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પાંચમી ઓગષ્ટના દિવસે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબુદી બાદ ચાર

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ-શિવસેના સાથે મળી ચૂંટણી જંગ લડશે : ફડનવીસ

નવીદિલ્હી,તા.૨૧

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ રાજનીતિક પાર્ટી પોતપોતાની જીતના દાવા કરવામાં વ્યક્ત બની ગઈ છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત વચ્ચે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, તેઓ ફરી એકવાર મુખ્યમંત્રી તરીકે રહેશે. શિવસેના સાથે ગઠબંધનને લઈને મતભેદો પર તેમણે કહ્યું હતું કે, અમે સાથે મળીને ચૂંટણી લડીશું. જો કે, તેમણે મુખ્યમંત્રી પદ માટે શિવસેનાની માંગને લઈને કહ્યું હતું કે, તે રિઝર્વ છે પરંતુ તેઓ નાયબ મુખ્યમંત્રી પર નિર્ણય કરી શકે છે. હજુ સુધી શિવસેના મહારાષ્ટ્રમાં ભાજપ જેટલી જ બેઠકો પર ચૂંટણી લડવા

● અનુસંધાન પાન-૭ પર

દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ લાચુંગ
આંદામાન હેવલોક-નીલ
સિમલા મનાલી-ડેલ-અમૃત
250ct to 30 Oct Daily
સ્વતંત્ર પેકેજ હોટલ બુકીંગ એર બુકીંગ
Since 1951 નૂતન ટ્રાવેલ્સ 26562322/24 • 9427455274 9898023955 • 9724303375







